વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ લાભ આપેલ લાભાર્થીઓના ખાતામાં સબસીડી જમા કરાવવા બાબતે નીતિ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાકઃ એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૧૧૮૮૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૦-૭-૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ અવક-૧૪૨૦૧૫-૧૩૧૭૦૧-જ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૫-૨-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ અવક-૧૪૨૦૧૫-૧૩૧૭૦૧-જ.

(૩) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૩-૧૦-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ સબડ-૧૦૨૦૧૫-૧૪૨૧/પ્રો(૩)/૬૨૯૬.

આમુખ-

ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા બાબતે વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૨૪-૮-૨૦૧૫ ના ઠરાવથી વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ માફ કરવા પાત્ર વ્યાજ સહિતની મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમ-૨ પરના તા.૫-૨-૨૦૧૬ ના ઠરાવથી સ્ટાફ અને વાહન આપવા તથા મુદત વધારવા અંગેની મંજુરી આપવામાં આવેલ. અને ક્રમ-૩ પરના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના તા.૩-૧૦-૨૦૧૫ ના પત્રથી વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ લાભ આપેલ લાભાર્થીઓના ખાતામાં સબસીડી જમા કરાવવા

બાબતની નીતિ નકકી કરવા બાબતે દરખાસ્ત કરેલ હતી. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પ્રસ્તુત દરખાસ્તને પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સીધા ધિરાણ લોનના જે લાભાર્થીઓ OTS (વન ટાઇમ સેટલમેન્ટ) યોજના હેઠળ બાકી મુદ્દલની રકમ પૈકી સબસીડી બાદની રકમ પ્રથમ ભરપાઇ કરે ત્યારબાદ જ સબસીડીનો લાભ આપવાની શરતે આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(ના.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, અ. અ.૧. જ, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
- કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.